॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

"અમરધામ", લાલ ગેબી આશ્રમ, હાથીજણ.

તા. ૯-૮-૯૦

પરમ આદરણીય મહારાજ શ્રી યોગભિક્ષુજી,

સવિનય જણાવવાનું કે આપના તરફથી "ક્રાન્તચિન્તન" હિન્દી પુસ્તક ભેટ મળ્યું. પુસ્તક પ્રથમ મારા સદ્‌ગુરુ મહારાજના કરકમળમાં આવ્યું અને તેમણે મને કહ્યું કે શામળા? આ તારી વિચારધારાને અનુરૂપ અને તારી લેખનપ્રવૃત્તિને વેગ આપતું પુસ્તક આવ્યું. પ્રથમ દષ્ટિએ પુસ્તક નામ પ્રમાણે છે. મુખપૃષ્ઠ ઉપર અને અંદરના ભાગમાં આપશ્રીની ચિંતન કરતી મુદ્રામાં છબીજીઓ છપાયેલીનું દર્શન કરતાં પ્રકાશક અને સંપાદકની બુદ્ધિશક્તિનું માપ જાણવા મળ્યું. મારા તરફથી તેઓને ધન્યવાદ. પ. પૂ. પિતાશ્રી તથા પ. પૂ. માતૃશ્રીની છબીજીનાં દર્શન કરી પાવન બન્યો. પુસ્તક એક જ બેઠકે શાંતચિત્તે વાંચી ગયો. ખૂબ જ પ્રભાવિત થયો. છપાઇકામ, કાગળો, મુખપૃષ્ઠનું આવરણ બહુ જ સુંદર થયું છે. મારા જેવા મોતિયાના ચશ્મા પહેરનારને પણ વાંચતાં કંટાળો ના આવે તેવા સુંદર અક્ષરોમાં છપાઇ છે. સંપાદકશ્રીએ યોગ્ય રીતે સંપાદન કર્યું છે અને ગાગરમાં સાગરને સમાવી દીધો છે...આ પુસ્તક વ્યવહારિક અને આધ્યાત્મિક માર્ગના પ્રવાસમાં ઘણું જ માર્ગદર્શનરૂપ બનશે. ડૉ. શ્રી મહિપતરામભાઇના સ્તવન અને શ્રી રમેશભાઇ ત્રિવેદીના "પૂજ્યશ્રી કા પરિચય" અને "મહર્ષિ ગુરુદેવ" ના લેખો વાંચી વિશેષ આનંદ થયો. તેઓશ્રીની ગુરુભક્તિ માટે ધન્યવાદ.

લિ. આપનો પ્રેમાનુરાગી ગુરુબંદા શામળાજીના
પ્રણામ સહ જયનારાયણ સીતારામ

# ઋતમ્ભરા

( ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું )
( બહુજન હિતાય – બહુજન સુખાય )

વર્ષ : ૯૦–૯૧ અંક – ૨ માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ


## મુક્તા

### (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ)

(પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલા "મુક્તા" પુસ્તકમાંથી સાભાર)

પાતંજલ યોગદર્શનના સમાધિપાદના સૂત્ર ૪૩ અને ૪૪માં આવતી સવિતર્ક અને નિર્વિતર્ક સમાધિ વિષેની માહિતીને વિગતવાર સમજ્યા.

શબ્દ, અર્થ અને જ્ઞાનના ભેદથી જે સંકળાયેલી છે તેને સવિતર્ક સમાપત્તિ – સમાધિ કહે છે.

શબ્દ અને જ્ઞાનની સ્મૃતિ મંદ પડવાથી અર્થની સ્મૃતિ પરિશુદ્ધ થાય છે એટલે કે અર્થ માત્ર ભાસમાન થાય છે; ધ્યાતા અને ધ્યાનની સ્મૃતિ મંદ પડતાં ધ્યેય માત્ર ભાસમાન થાય છે તેને નિર્વિતર્ક સમાપત્તિ કહે છે.

હવે સૂત્ર ૪૪માં આવતી સવિચાર અને નિર્વિચાર સમાધિને સમજવાનો પ્રયત્ન કરીએ.

**એતયૈવ સવિચારા નિર્વિચારા ચ સૂક્ષ્મવિષયા વ્યાખ્યાતા ॥૪૪॥**

**ભાવાર્થ :** તેવી જ રીતે, પણ જેમાં વિષય સૂક્ષ્મ છે તેને સવિચાર અને નિર્વિચાર સમાધિ સમજી લેવી.

**વિસ્તાર :** આ સૂત્રની ભાષા છે. "તેવી જ રીતે" એમ કહીને ઘણા બધા શબ્દવિસ્તારનો સંકોચ કરી લીધો. જેમ આગળ "સંપ્રજ્ઞાત" શબ્દ આવ્યો છે પણ "અસંપ્રજ્ઞાત" શબ્દ નથી આવ્યો, તેને માટે "અન્ય" શબ્દ આપીને અસંપ્રજ્ઞાતનો બોધ આપી દીધો છે તેમ આ સૂત્રમાં એતયૈવ = એવી જ રીતે, સવિચાર અને નિર્વિચારનું વ્યાખ્યાન કર્યું. કેવી રીતે? જેવી રીતે આગળ સવિતર્ક અને નિર્વિતર્કનું વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેવી જ રીતે સવિચાર અને નિર્વિચાર સમાધિનું વ્યાખ્યાન કર્યું, તેની પણ વ્યાખ્યા કરી. સૂત્રને લંબાવ્યું નહીં. આ સૂત્ર શું કહે છે?

એતયૈવ = એવી જ રીતે. કેવી રીતે? જેવી રીતે સવિતર્ક અને નિર્વિતર્કને સમજાવવામાં આવી હતી તેવી જ રીતે. સવિતર્ક કેવી રીતે સમજાવવામાં આવી હતી? જેમાં શબ્દ, અર્થ અને જ્ઞાનનો વિકલ્પ બનેલો હતો તે સવિતર્કા અને શબ્દ અને જ્ઞાનની સ્મૃતિ મંદ પડવાથી અર્થમાત્ર રહી જાય તે નિર્વિતર્કા. આમ આ બંનેને સમજાવવામાં આવી હતી. તેવી જ રીતે (એતયૈવ) "સવિચાર" અને "નિર્વિચાર"ને સમજી લેવી.

તો હવે, સવિચારને એવી જ રીતે સમજીશું. જેવી રીતે સવિતર્ક તેવી જ રીતે

સવિચાર. સવિતર્કમાં શું છે? શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણે છે. તેવી જ રીતે સવિચારમાં પણ શબ્દ, અર્થ અને જ્ઞાન છે. તોય તેને સવિચાર શા માટે કહેવામાં આવી? સવિતર્ક કેમ નહીં? તેમાં વિષય "સૂક્ષ્મ" છે તેથી. સવિતર્કમાં શબ્દ, અર્થ અને જ્ઞાન હતું પરંતુ વિષય "સૂક્ષ્મ" નહોતો, સ્થૂળ હતો. તે એકાગ્રતા માટે કોઈ સ્થૂળ વિષયમાં એકાગ્રતા કરી હતી તેથી તે સવિતર્ક એકાગ્રતા થઈ, સવિતર્ક સમાધિ થઈ.

પરંતુ જો એકાગ્રતા માટે કોઈ સૂક્ષ્મ વિષય પસંદ કરીએ અને તેમાં શબ્દ, અર્થ અને જ્ઞાન બનેલાં રહે તો તે સવિચારા કહેવાય. અને તેવી જ રીતે નિર્વિચારા કે જેવી રીતે નિર્વિતર્ક.

નિર્વિતર્કમાં શું છે? "સ્વરૂપશૂન્ય" અને "અર્થમાત્રનિર્ભાસા" સ્વરૂપશૂન્ય થઈ ગયું—દેહભાન ભુલાઈ ગયું, કેવળ અર્થમાત્ર રહી ગયો તેનું નામ નિર્વિતર્કા. જ્યારે આ સૂત્રમાં નિર્વિચાર શા માટે આવ્યું? તેમાં વિષય સૂક્ષ્મ છે તેથી. ફર્ક માત્ર એટલો જ છે કે તેમાં સૂક્ષ્મ વિષય છે.

તો આમ, જે સમાધિમાં શબ્દ, અર્થ અને જ્ઞાન ત્રણેય છે અને એકાગ્રતાનો વિષય સ્થૂળ છે તે થઈ સવિતર્ક સમાધિ અને જેમાં દેહભાન નથી રહ્યું અને અર્થમાત્ર રહ્યો છે અને વિષય સ્થૂળ છે તેનું નામ થયું નિર્વિતર્ક સમાધિ. એ જ રીતે શબ્દ, અર્થ અને જ્ઞાન તો હોય જ પરંતુ જો વિષય સૂક્ષ્મ હોય તો એ થઈ સવિચાર સમાધિ અને જેમાં વિષય સૂક્ષ્મ હોય અને અર્થમાત્ર ભાસમાન હોય તો તે થઈ નિર્વિચાર સમાધિ.

આમ ચાર પ્રકારની એકાગ્રતાને ચાર રીતે વર્ણવવામાં આવી. તેના ચાર ભેદ કરી નાખ્યા જેથી સમજવામાં સરળતા રહે.

આગળના સૂત્રમાં પતંજલિ મુનિ સૂક્ષ્મ વિષયવાળી એકાગ્રતાથી પણ આગળની વાત કરી રહ્યા છે.

**સૂક્ષ્મવિષયત્વં ચાલિંગપર્યવસાનમ્**
**॥ ૪૫ ॥**

**ભાવાર્થ** : સૂક્ષ્મ વિષયો ઠેઠ મૂળ પ્રકૃતિમાં—સામ્યાવસ્થામાં અવસાન પામે છે; ઠેઠ ત્યાં સુધી પહોંચેલા લંબાયેલા છે.

**વિસ્તાર** : એટલે કે તે મૂળ વિષયો "અલિંગ" સુધી વ્યાપેલા છે. તેની સીમા ઠેઠ મૂળ પ્રકૃતિ સુધી પહોંચે છે. સૂક્ષ્મ વિષયોનું "પર્યવસાનમ્" = અંત ક્યાં છે? તેની સીમા ક્યાં પૂરી થાય છે? અલિંગમાં. અલિંગ એટલે ચિહ્નરહિત. લિંગ એટલે ચિહ્નવાળું. સૂક્ષ્મ વિષયોનો અંત, જ્યાં ચિહ્ન પણ નથી, કોઈ સૂક્ષ્મ ચિહ્ન પણ બાકી નથી રહેતું તેવી કારણાવસ્થાવાળી પ્રકૃતિમાં તેનો અંત આવે છે. હવે કાર્ય નથી રહ્યું—કાર્ય કહો કે તેને ચિહ્ન કહો કે તેને લિંગ કહો—તેનું કોઈ લિંગ બાકી નથી, કોઈ ચિહ્નમાત્ર પણ બાકી નથી, તેનું હવે કોઈ "કાર્ય" નથી.

કાર્ય—કારણ ભાવમાંથી પણ ઉપર જે સ્વરૂપ ચાલ્યું ગયું છે તે સ્થિતિ; તે કારણ અવસ્થા કે જેને મૂળ પ્રકૃતિ કહેવામાં આવે છે. મૂળ પ્રકૃતિ સુધી તેનાં બીજાં જે જે સ્થૂળ રૂપો (વિશેષ—અવિશેષ વગેરે)ની ગણતરી છે તે પરસ્પર એકબીજાનાં કાર્યો—કારણો છે. હવે તે "કાર્ય"માં નથી પરંતુ "મૂળ કારણ" અવસ્થામાં પહોંચી જાય છે; ત્યાં સુધી સૂક્ષ્મ વિષયની સીમા છે. તે સૂક્ષ્મ વિષયની સીમા ક્યાં પૂરી થાય છે? મૂળ પ્રકૃતિમાં ઠેઠ ત્યાં સુધી સૂક્ષ્મ વિષયો છે. ત્યાં સુધી જે જે કાંઈ છે તે બધું જ સૂક્ષ્મ વિષયો છે.

આગળ સૂક્ષ્મ વિષયની સીમા વિષે કહેવામાં આવ્યું. સવિચાર અને નિર્વિચાર

સમાધિ તેને કહેવામાં આવે કે જેમાં સૂક્ષ્મ વિષય લેવામાં આવે છે અને તે સૂક્ષ્મ વિષય અલિંગ પ્રકૃતિમાં પૂરા થાય છે. અલિંગ પ્રકૃતિમાંથી થતાં રૂપાંતરો સાધનપાદમાં (પ. પૂ. યોગભિક્ષુજી રચિત "શાંતા" નામના પુસ્તકમાં) સમજાવ્યાં છે. પંચમહાભૂતથી શરૂ થઈને સૂક્ષ્મ વિષયો ઠેઠ અલિંગ પ્રકૃતિ સુધી પહોંચી જાય છે અને ત્યાંથી અલિંગ પ્રકૃતિ સુધીના બધા જ વિષયોમાં જે એકાગ્રતા કરવામાં આવે છે; એમાં જે સમાપત્તિ કરવામાં આવે છે; તે બધી જ એકાગ્રતાનું નામ "સબીજ" સમાધિ છે.

**તા એવ સબીજ: સમાધિઃ ॥૪૬॥**

**ભાવાર્થ** : તે (ઉપરોક્ત) બધી જ સમાધિઓ 'સબીજ' છે.

**વિસ્તાર** : તે બધી જ સબીજ સમાધિઓ છે. કઈ ? સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર સમાધિ.

આપણે આગળના સૂત્રમાં સમજ્યા કે સૂક્ષ્મ વિષયોની સીમા અલિંગ પ્રકૃતિમાં પૂરી થઈ. તેથી અલિંગ પ્રકૃતિ સુધી બધા જ વિષયો સૂક્ષ્મ છે, ચાહે સ્થૂળ વિષયો હોય કે ચાહે અલિંગ પ્રકૃતિ સુધીના સૂક્ષ્મ વિષયો; તેમાં જે સમાધિ કરવામાં આવે, તેનો આશ્રય લઈને જે એકાગ્રતા પ્રાપ્ત કરવામાં આવે તે બધી જ એકાગ્રતાનું નામ, તે બધી જ એકાગ્રતાઓનો સમાવેશ, તે બધી જ સમાધિનો સમાવેશ સબીજ સમાધિમાં થઈ જાય છે. તે સબીજ છે, બીજવાળી છે; તેમાં આશરો લેવામાં આવેલો છે, કોઈપણ વિષયનું અવલંબન લેવામાં આવેલું છે. તેમાં એક બીજ પડેલું છે, એ નિર્બીજ નથી, બીજવાળી છે, અવલંબનવાળી છે તેથી તે ચારે સમાધિઓ સબીજ છે.

**નિર્વિચારવૈશારદ્યે અધ્યાત્મપ્રસાદ: ॥૪૭॥**

**ભાવાર્થ** : નિર્વિચાર (સમાધિ) માં પ્રવીણતા પ્રાપ્ત કરી લેવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

**વિસ્તાર** : આગળનાં સૂત્રોમાં સવિચાર અને નિર્વિચાર સમાધિની વાત આવી. સૂક્ષ્મ વિષયનો આશરો લેવામાં આવે છે ત્યારે તેને સવિચાર અને નિર્વિચાર કહેવામાં આવે છે. સવિચાર કરતાં નિર્વિચાર ઉપરની છે. તેવી નિર્વિચાર સમાધિમાં – તેવી નિર્વિચાર સ્થિતિમાં નિપુણતા પ્રાપ્ત કરવાથી શાની પ્રાપ્તિ થાય છે ? કઈ સિદ્ધિ મળે છે ? શું મેળવાય છે ? "અધ્યાત્મપ્રસાદઃ" = આધ્યાત્મિકતાનો પ્રસાદ મળે છે. પ્રસાદ એટલે પ્રસન્નતા. પ્રસન્નતા એટલે નિર્મળતા–નૈર્મલ્ય. પ્રસન્નતા પ્રાપ્ત થવાથી બુદ્ધિમાં નિર્મળપણું આવે છે અને જ્યાં નિર્મળપણું–મળરહિતપણું છે ત્યાં પ્રસન્નતા છે. અને તે પ્રસન્નતાને પ્રસાદ કહેવામાં આવે છે. નિર્વિચાર સ્થિતિને પ્રાપ્ત કરી લઈએ છીએ ત્યારે આધ્યાત્મિક પ્રસાદની પ્રાપ્તિ થાય છે.

નિર્વિચાર સ્થિતિમાં વિશારદતા–નિપુણતા એટલે કે તે સ્થિતિને જ્યારે ઇચ્છીએ ત્યારે, જેટલી વાર ઇચ્છીએ તેટલી વાર, જેટલો સમય તેને ટકાવી રાખવી હોય તેટલો લાંબો સમય તેને ટકાવી શકીએ. આ વિશારદતાનો અર્થ ખૂબ વિશદ રીતે સમજવાનો છે, નિર્વિચાર સ્થિતિમાં વૈશારદ્ય એટલે કે તેમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લેવી અને એવા પ્રવીણ થઈ જવું કે એ સ્થિતિને જ્યારે ઇચ્છીએ ત્યારે, જેટલી વાર ઇચ્છીએ તેટલી વાર અને એ સ્થિતિમાં જેટલો લાંબો સમય રહેવાની ઇચ્છા હોય તેટલો સમય રહી શકીએ. તેનું નામ પ્રવીણતા

તો આમ, નિર્વિચાર સમાધિમાં પ્રવીણતા પ્રાપ્ત થવાથી અધ્યાત્મની પ્રસાદી પ્રાપ્ત છે. આપણે "આધ્યાત્મિક–આધ્યાત્મિક" એમ બોલીએ છીએ પણ તેનો અર્થ જાણતા નથી.

અર્થ જાણવો જોઈએ. આધ્યાત્મિક શબ્દને છૂટા પાડીએ તો અધિ+આત્મ+ઇક એમ ત્રણ શબ્દો થાય છે. "અધિ" એટલે ઘણું, વધુમાં વધુ. "આત્મ" એટલે આત્મા–ચૈતન્યતત્ત્વ-પરમતત્ત્વ–સર્વવ્યાપક તત્ત્વ. "ઇક" એટલે નું. તેનો અધ્યાહાર છે "જ્ઞાન". આધ્યાત્મિક શબ્દનો આખો અર્થ થયો – ચૈતન્યતત્ત્વની વધુમાં વધુ જાણકારી, વધુમાં વધુ જ્ઞાન, વધુમાં વધુ માહિતી.

અધ્યાત્મપ્રસાદઃ = આત્મા વિષે વધુમાં વધુ જાણવાથી, વધુમાં વધુ માહિતી પ્રાપ્ત કરવાથી તેમાંથી જે પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તે તેનો પ્રસાદ છે. નિર્વિચારમાં વિશારદતા પ્રાપ્ત કરવાથી આધ્યાત્મિકતાનો વધુમાં વધુ પ્રસાદ મળે છે; આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાથી વધુમાં વધુ જેટલી પ્રસન્નતા પ્રાપ્ત થવી જોઈએ તેટલી પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક પ્રસન્નતા પ્રાપ્ત કરવાથી બુદ્ધિમાં જે નિર્મળપણું મળવું જોઈએ તે પ્રાપ્ત થાય છે. અને બુદ્ધિમાં તેવું નિર્મળપણું પ્રાપ્ત થવાથી શું મળે છે? તેનાથી બુદ્ધિ–પ્રજ્ઞા ઋતથી ભરાઈ જાય છે. આગળનું સૂત્ર પણ આ વાતને જ સમજાવી રહ્યું છે. પરંતુ આગળનું સૂત્ર હવે પછીના અંકમાં સમજીશું. અત્યારે તો આટલું વાગોળીએ—

શબ્દ, અર્થ અને જ્ઞાનના ભેદથી જે સંકળાયેલી છે પરંતુ વિષય સ્થૂળ છે તેને સવિતર્ક સમાપત્તિ કહે છે. શબ્દ અને જ્ઞાનની સ્મૃતિ મંદ પડવાથી અર્થની સ્મૃતિ પરિશુદ્ધ થાય છે. એટલે કે અર્થમાત્ર ભાસમાન થાય છે તેને નિર્વિતર્ક સમાપત્તિ કહે છે. ઉપરની જ રીતે પરંતુ જેમાં વિષય સૂક્ષ્મ છે તેને સવિચાર અને નિર્વિચાર સમાધિ સમજી લેવી. નિર્વિચાર સમાધિમાં પ્રવીણતા પ્રાપ્ત કરવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

(ક્રમશઃ)

"અભય ક્યારે થવાય કે જ્યારે બીજાઓ આપણાથી અભય પામે. જેવું વાવીએ તેવું લણીએ. અભય વાવીએ તો અભય લણીએ-પામીએ. જ્યાં સુધી આપણાથી અન્ય કોઈ ભય પામતું હોય ત્યાં સુધી આપણે અભય ક્યાંથી થઈ શકીએ!"

*

"દુનિયાની કોઈ તાકાત 'લઘુ'ને ગુરુ બનતાં રોકી નહીં શકે. લઘુ, ગુરુ બનીને જ રહેશે."

*

"જે બુદ્ધિ સમર્પિત થઈને રહે છે તે જ બુદ્ધિની બુદ્ધિમાની છે. ગુરુજનો અને સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ બુદ્ધિમાનપણું છે."

—યોગભિક્ષુ

# ....વધુ જરૂર છે પ્રણવજ્ઞાનના દાતાઓની

(શ્રી પંકજભાઈ શાહને ઘેર થયેલ સત્સંગનો પ્રેરણાદાયી અહેવાલ)

સંકલન : ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ

ઓમ્ પરિવારના ઉપક્રમે ગુરુપ્રેમી શ્રી પંકજભાઈ શાહ દર વર્ષે તેમના પુત્ર ચિ. સનનના જન્મદિવસ નિમિત્તે પૂજ્ય શ્રી યોગભિક્ષુજીની સ્વીકૃતિ મેળવીને તેઓશ્રીની ઉપસ્થિતિમાં ' સ્વાધ્યાય–સત્સંગ' કાર્યક્રમના આયોજનનો લાભ લે છે.

આ વર્ષે પણ તા. ૨૪/૧૨/૮૯ના રોજ સાંજે સાડા ચારથી સાડા છ વાગ્યા દરમ્યાન તેમને ત્યાં સત્સંગ રાખેલો.

લગભગ સાડાચાર વાગે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનું આગમન થયું ત્યારે ઉપસ્થિત ગુરુભાઈ–બહેનો " કર્મ કરેંગે જૈસે ફલભોગેંગે વૈસે " મંત્રના વાચિક જાપ કરી રહ્યાં હતાં. પૂજ્યશ્રી ના સ્વાગત બાદ પૂજ્ય શ્રીએ આસન ગ્રહણ કર્યું.

પૂજ્યશ્રીના આદેશથી વાચિક જાપની પૂર્ણાહુતિ થઈ અને સ્વાધ્યાયની શરૂઆત પ્રણવવંદનાના ગાન સાથે થઈ. પ્રણવવંદના પૂરી થતાં જ પૂજ્યશ્રીએ વક્તવ્ય શરૂ કર્યું :

## ....વધુ જરૂર છે પ્રણવજ્ઞાનના દાતાઓની

" પ્રણવવંદનામાં આવતી કડી છે

પ્રણવ છોડકે પઢા ક–ખ–ગ,
ક્યા પાયા કુછ સોચ–વિચાર;
પ્રણવ છોડકે રટા મૈં–મેરા,
ખોયા જન્મ મહામૂલ્યવાન !

" આપણે જગતમાં આવીને ક–ખ–ગ, એ-બી–સી–ડી અર્થાત્ ભૌતિક જ્ઞાન જ મેળવતા રહ્યાં, ભણતાં રહ્યાં, ભણાવતા રહ્યાં; અને માયામાં–પ્રપંચમાં અટવાતાં રહ્યા.

" ઊંબરા તો ડુંગરા થયા, પાધર થયાં પરદેશ " આ કર્યુંને તે કર્યું એમાં ઘરડાં થઈ ગયાં, બાળકમાંથી બુઢ્ઢાં થઈ ગયાં. આપણે જાણીએ છીએ કે એક દિવસ આ પ્રપંચમય જગત છોડીને ચાલ્યા જવાનું છે; તો પછી જતાં પહેલાં કંઈ કર્યું ? દીકરી માટે કર્યું, દીકરા માટે કર્યું, સગાંવહાલાં માટે કર્યું, બધાં માટે કર્યું પણ તારા પોતાના માટે શું કર્યું ? અને જો આપણે પોતે પોતા માટે કંઈ ન કરી શક્યા તો બીજાં તો આપણા માટે શું કરી શકવાનાં હતાં ? તો, આપણે માત્ર સાંસારિક જ્ઞાન જ, ભૌતિક જ્ઞાન જ નથી મેળવવાનું પણ આપણું કલ્યાણ કેવી રીતે થાય તે અંગેનું જ્ઞાન પણ મેળવવાનું છે, તે પણ શીખવાનું છે અને એટલે જ આપણે પ્રણવવંદનાની એક કડીમાં લખ્યું છે કે

પ્રણવજ્ઞાન કે દાતા કે બિન,
હૈ ' યોગભિક્ષુ ' ભિક્ષુક સમાન.

" અને તેથી જ આપણે પ્રણવ–ઓમ્ વિષેનું જ્ઞાન મેળવવાનું છે પ્રણવ એટલે એવું પરમ સૂક્ષ્મ ચૈતન્યતત્વ, એ પરમાત્મા કે જેમનું નામ પતંજલિ મુનિએ ઓમ્ રાખ્યું છે.

" આપણાં પ્રવચનોમાં આપણે ઘણી વખત એ વાત કરીએ છીએ કે વસ્ત્રદાન, અન્નદાન વગેરે દાન દેનારા ઘણા છે પણ જ્ઞાનદાન, કે જેમાંથી બીજાં બધાં દાનની પ્રેરણા મળે છે. તે દેનારા ખૂબ ઓછી સંખ્યામાં છે. વસ્ત્રદાન અને અન્નદાન જરૂરી તો છે જ પણ તે અલ્પજીવી છે. પણ જ્ઞાનદાન – સાચી સમજણનું દાન તો અનેરું છે. તે કેવી રીતે અનેરું છે ?

“આપણને બધાંને શાંતિ જોઈએ છે. ક્ષણભંગુર સુખ-શાંતિ મેળવવા આપણે આંધળી દોટ મૂકીએ છીએ અને પછી તે મેળવીએ અને તેનો અનુભવ થઈ જાય એટલે તે બધું ફીકું લાગે છે એટલે વળી પાછી નવી દોટ શરૂ થાય છે. સાચી શાંતિ શેમાં છે અને તે મેળવવા આપણે શું કરવાનું છે તેની આપણને ખબર છે? નથી. અને તેથી જ જ્યાં સુધી પરમાત્મા વિષેનું જ્ઞાન પ્રાપ્ત કરાવી આપનારા કમર નહીં બાંધે ત્યાં સુધી આપણે ભિક્ષુક જ રહેવાનાં; અને તેથી જ આપણે સૌથી વધુ મહત્તા પ્રણવજ્ઞાનને આપીએ છીએ; અને એટલે જ જરૂર છે પ્રણવ-જ્ઞાનના દાતાઓની. અસ્તુ.”

પૂજ્ય શ્રીના વક્તવ્ય બાદ સૌ ગુરુભાઈ-બહેનોએ સ્વાધ્યાય આગળ ચલાવ્યો અને ગુરુઅષ્ટક બોલ્યાં. ગુરુઅષ્ટક પૂર્ણ થતાં જ પૂજ્યશ્રીએ તેમની મર્માળી વૈખરીમાં જણાવ્યું કે—

## તો ગેરલાભ કોને ?!

**“જેમનાચરણનું શરણ પકડવાની અંતઃસ્ફુરણા-ઊર્મિ થઈ આવે એ આપણા ગુરૂ. જેમના સત્સંગમાં, જેમના સાંનિધ્યમાં આપણા શિર ઉપરનો બોજો હટી જાય તે આપણા ગુરુ, તે આપણા સદ્ગુરુ, તે આપણા શ્રદ્ધેય, તે આપણા સર્વસ્વ.**

“જ્યાં સુધી આપણે ગુરુને માન્ય નથી કરતાં ત્યાં સુધી એક સૂક્ષ્મ અહંકાર દ્વારા આપણે ઘેરાયેલાં રહીએ છીએ; આપણા મસ્તક ઉપર સતત અનેક પ્રકારનો બોજ-ચિંતા લદાયેલાં હોય છે; જે આપણને જાગતાં હોઈએ ત્યારે તો ઠીક પણ ઊંઘમાંય સતત ભાર આપે છે. ક્યારેક તો સવાર સુધી પાસાં ઘસીએ છીએ, ઊંઘ આવતી નથી અને સવારે ઊઠીએ ત્યારે થાકેલાં; ઢીલાં થઈ જઈએ છીએ. કારણ કે આપણે સતત ચિંતાના બોજથી લદાયેલાં હોઈએ છીએ અને એટલે જ મહા-મુનિઓએ ગુરુની વાત મૂકી. વિશ્વમાં એક એવું અસ્તિત્વ હોવું જોઈએ કે જ્યાં તમે મુક્ત થઈ શકો, ચિંતારહિત બની શકો. **આપણે નિરભિમાની થઈએ તો જ ચિંતારહિત થઈ શકીએ.**

“પરંતુ ઘણાં તો કહે છે કે આપણે વળી ગુરુની શી જરૂર? ગુરુને આપણી જરૂર છે. તેઓ એમ માને છે કે ગુરુ તો આપણા પૈસાથી જ મોજમજા કરે છે. તેઓનું એમ માન-વાનું એક કારણ એ પણ હોઈ શકે કે અત્યારે એવા પ્રકારના ગુરુઓની જ બોલબાલા છે.

“ખોટા ગુરુઓ ઊભા થયા એમાંથી ગેરલાભ કોને થયો? સાચા ગુરુઓને? ના, આપણને જ. આપણે ઘણીવાર કહીએ છીએ કે ખોટા ગુરુઓની જોડે બિચારા સાચા ગુરુઓ માર્યા ગયા. પણ અરે! ગુરુ શબ્દની જોડે બિચારા શબ્દ લાગે ખરો! લઘુ નથી ત્યારે તો તે ગુરુ છે અને તો પછી તેની જોડે બિચારા શબ્દ લાગે ખરો?!

“મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને ચાર પુરુષાર્થ – ચાર પદાર્થ પ્રાપ્ત કરવાના છે. કયા ચાર પદાર્થ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ગુરુના ચરણોમાં જો સમજપૂર્વક બેસી શકીશું તો આ ચારે પદાર્થ પ્રાપ્ત કરી શકીશું. સર્વ પ્રથમ ધર્મને, ધર્મ દ્વારા અર્થની પ્રાપ્તિ, ધર્મ દ્વારા મેળવેલા અર્થથી જ સુખ-સગવડ અને ત્યાર બાદ ઉપશમ થઈને મોક્ષની પ્રાપ્તિ. તો ચારે પદાર્થ આ રીતે પ્રાપ્ત કરીને મનુષ્ય-જન્મની સાર્થકતા કરવાની છે. અને એને પ્રાપ્ત કરવાનું મનોવૈજ્ઞાનિક સાધન છે ગુરુનું વરણ. અને ગુરુનું વરણ શા માટે? એક જગ્યા એવી હોવી જોઈએ કે જ્યાં આપણે આપણું અભિમાન છોડીને બેસી શકીએ, નાના બાળક જેવા થઈને બેસી

શરીરો, તન-મન-ધન ગુરુસેવામાં વાપરતા હોઈએ પણ અભિમાન ના છોડીએ તો? ગુરુનું વરણ અભિમાન છોડવા માટે જ હતું પરંતુ ગુરુ પાસે બેસીને, ગુરુના સાંનિધ્યમાં રહીને પણ જો અહંકારથી મુક્ત ન થઈ શક્યા, અભિમાન ન છોડી શક્યા તો શું પ્રાપ્ત કર્યું? કાંઈ જ નહીં. ગુરુનું વરણ અભિમાન છોડવા માટે જ હતું. અસ્તુ."

પૂજ્યશ્રી આટલું કહીને અટક્યા અને સૌને "કર્મ કરેંગે જૈસે...."મંત્રનો વાચિક જાપ કરવાનો આદેશ આપ્યો, પૂજ્યશ્રીના આદેશ સાથે જ ઉપસ્થિત સૌ ગુરુભાઈ-બહેનોએ ઉપરોક્ત મંત્રના વાચિક જાપ શરૂ કર્યાં. જાપની પૂર્ણાહુતિ બાદ સત્સંગ આગળ ચાલ્યો. પૂજ્યશ્રીએ જણાવ્યું કે—

"ઓમ્ પરિવારનાં જુદાં જુદાં કેન્દ્રોનાં ભાઈબહેનો સવારે પ્રભાતફેરીમાં નીકળે છે. પ્રભાતફેરી ફરતાં ફરતાં તેઓ 'કર્મ કરેંગે જૈસે, ફલ ભોગેંગે વૈસે' મંત્રના વાચિક જાપ કરે છે; પ્રભાતફેરી દ્વારા ઘર ઘર સુધી મન મન સુધી અમે આ મંત્રને પહોંચાડવા માગીએ છીએ.

## મનુષ્ય કર્મને આધીન છે

"આપણે સૌ જાણીએ છીએ કે 'મહાભારત'ના સમયમાં શ્રીકૃષ્ણ હાજર હતા છતાં યુદ્ધ થયું. તે ઇચ્છતા હતા કે યુદ્ધ ન થાય, છતાંય યુદ્ધ થયું અને શ્રીકૃષ્ણ પોતે પણ તેમાં સંડોવાયા. એટલે કે ભગવાન પણ કર્મને આધીન છે અથવા એ ભગવાન નહોતા.

"તો કર્મના એ નિયમને — એક વખત તમે જેનું બી વાવી દો પછી તેનું જ ઝાડ ઊગશે તે સર્વ-સામાન્ય નિયમને આપણે સૂત્રમાં વણી આમસમુદાય સુધી પહોંચાડવાનો અથાગ પ્રયત્ન કરી રહ્યાં છીએ અને તેના એક ભાગરૂપે પ્રભાતફેરીમાં પણ આ જ સૂત્રનો વાચિક જાપ કરીએ છીએ.

"મનુષ્યના જીવનમાં સુખ અને દુઃખ એટલે સમુદ્રનાં ભરતી અને ઓટ. જ્યારે દુઃખ આવે ત્યારે મનુષ્યે સમજવું જોઈએ કે થોડા સમય પહેલાનું સુખ જેમ ચાલ્યુ ગયું અને દુઃખ આવ્યું તેમ આ દુઃખ પણ ચાલ્યું જ જવાનું છે. સાચાં મનુષ્યો સંતોની કૃપાથી આ વાત બરાબર સમજે છે અને ભાંગી પડતાં નથી.

"લીમડાના બીમાંથી લીમડો જ ઊગે; ક્રિયા-પ્રતિ ક્રિયા. જેને આ સિદ્ધાંતની ખબર નથી તે ઘણી વાર દુઃખમાંથી મુક્ત થવા અશાસ્ત્રીય ઉપાયોનો આશરો લે છે, ખોટાં સાધનો અજમાવે છે અને પરિણામે વધારે દુઃખી થાય છે; પરંતુ કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતને જાણનારો યોગ્ય સમયે દુઃખમાંથી છૂટી જાય છે. રસ્તામાં કૂતરું બેઠું હોય, આપણે મોજમાં આવીને તેને લાકડી ફટકારીને લંગડું કરી નાખીએ અને કર્મના સિદ્ધાંતની અજ્ઞાનતાના કારણે દુઃખ વ્હોરી લઈએ છીએ.

"આવી સૂક્ષ્મ વાતો જાણીએ તો આપણા જીવનમાં કેટલું સમાધાન પ્રવર્તે; કેટલી શાંતિ પ્રવર્તે. અત્યારે જેમ દવાની ગોળીઓ સાથે રાખો છો તેમ સમજણરૂપી ગોળીઓ હૃદયરૂપી કબાટમાં રાખવાની છે.

"કર્મના સૂક્ષ્મ સિદ્ધાંત મુજબ જ્યાં કર્મ કરીએ છીએ તેનું ફળ ત્યાંથી જ મળે તેવું નહીં. કોઈને દાન આપીએ તો તેનું ફળ ત્યાંથી જ મળે તેવું નહીં. એ તો કુદરતને સોંપાઈ ગયું. કોઈને એક રૂપિયો આપીએ તો તેની પાસેથી એક જ રૂપિયો મળે પણ કુદરતને સોંપીએ તો હજાર મળે. સત્કર્મ કુદરતને સોંપી દો અને નિરાંત અનુભવો" અસ્તુ.

કર્મના સૂક્ષ્મ સિદ્ધાંતની વાત સમજાવ્યા પછી પૂજ્યશ્રીએ ગીતાજયંતીના દિવસે ડાકોરમાં કરેલ પ્રવચનના કેટલાક અંશો આજની સત્સંગ સભામાં કહી સંભળાવ્યા.

"સ્વધર્મે નિધનં શ્રેય. પરધર્મો ભયાવહ. સ્વધર્મ કયો ? કે જે અપનાવવાનો છે. પરધર્મ કયો ? કે જે છોડવાનો છે. સર્વધર્માન પરિત્યજ્ય–બધા ધર્મોને છોડી દો. સ્વધર્મ એટલે. જૈન, વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે ધર્મ નહીં પરંતુ સ્વધર્મ એટલે પોતાનો–આત્માનો ધર્મ, આત્માને ઓળખવાનો ધર્મ. બાકી કોઈ ધર્મ નહીં. તે બધું છોડી દો. શરીરનું સુખ ભૌતિકતા વગેરે બધા જ પરધર્મો. ગીતાના ઉપરોક્ત શ્લોક ઉપરાંત ડાકોરમાં અમારે રાધા–ધારાની પણ ઘણી વાતો થઈ હતી. આપ સૌ તે પ્રવચનમાં હાજર નહોતાં તેથી તેમાંની કેટલીક પ્રેરણાદાયી વાતો અહીં રજૂ કરીએ છીએ.

"આ ધારા – નાભિથી નીચે જતી ધારા– અધોમાંથી ઉર્ધ્વ થાય એટલે કે તેનો પ્રવાહ જ્યારે નાભિથી નીચે જવાને બદલે નાભિથી ઉપરની તરફ ગતિ કરે ત્યારે એ 'ધારા' શબ્દ પણ ધારામાંથી 'રાધા' થાય. એ રાધા –ગોપીઓમાં જે મુખ્ય તે રાધા. ધારાને ધારામાંથી રાધા બનાવવાની છે, રાધા બનાવીને તેની ઊર્ધ્વગતિ કરાવીને બ્રહ્મરંધ્રમાં લઈ જવાની છે. બ્રહ્મરંધ્રરૂપી વૈકુંઠમાં જે કૃષ્ણ બિરાજે છે એની સાથે રાસ રમવાનો છે.

"મનુષ્ય તેટલું જ વિચારી શકે છે જેટલું તેની બુદ્ધિની મર્યાદામાં હોય. સંતોની વાણી તો કહે છે જ ને કે

તૂ કહેતા કાગજ કી લેખી
મૈં કહેતા આંખન કી દેખી
મસી કાગજ કો છૂયો નહીં
કલમ ગહ્યો નહીં હાથ
ચારોં યુગ કા મહાતમ કબીરા
મુખ હી જનાઈ બાત.

"ડાકોરમાં ઉપસ્થિત વક્તાઓમાંથી એક ભાઈએ તેમના પ્રવચનમાં શ્રીકૃષ્ણને ભગવાન તરીકે વારે ઘડીએ સંબોધેલા. તેમનું પ્રવચન સાંભળી એક સંતશ્રીએ ઊભા થઈ ને જણાવ્યું કે શ્રીકૃષ્ણને ભગવાનને બદલે મહામાનવ કહીએ તો ? સંતશ્રીનું આ વાક્ય સાંભળીને અને તેમની વાતનું સમર્થન કરતાં તેમણે જણાવ્યું કે મહામાનવને – મહાપુરુષને જો ભગવાનનું બિરુદ આપી દઈએ તો નુકસાન તો લઘુમાનવોને જ ને ? કારણ કે લઘુજન એમ માનતા થઈ જાય કે શ્રીકૃષ્ણ તો ભગવાન, એ તો ચમત્કારી અને એટલે એ તો બધાંનું સારું જ કરે ને ? આપણાથી કાંઇ એવું થઈ શકવાનું હતું ? અને એમ કહી આપણે છૂટી જઈએ છીએ.

"અરે ! શ્રી કૃષ્ણને ભગવાન માનવા હોય તો માનીએ પણ તેમને ભગવાન માનીને આમ વિચારીએ કે તેઓ તો ભગવાન હતા; ભગવાન, ભગવાળા – ભગ એટલે કે તપ, આદર્શો, તેજ, પ્રજ્ઞા વગેરે તમામ સદ્ગુણો તેમનામાં હતા. તેઓ, સમાજનાં સુખશાંતિ માટે પોતાનો ભોગ આપી દેનારા હતા. આપણે પણ તેમનાં સત્કાર્યોને, સદ્ગુણોને અનુસરવું જોઇએ અને તે પ્રમાણેનું વર્તન કરવું જોઈએ. શ્રીકૃષ્ણને ભગવાન માનીને ઉપર કહ્યા મુજબના સદ્ગુણોનું આચરણ કરીએ તો ન્યાલ થઈ જઈએ. અસ્તુ."

પૂજ્યશ્રીએ સત્સંગની પૂર્ણાહુતિ કરતાં જણાવ્યું કે—

"જો આપણે જ્ઞાન મેળવવું હશે તો સાચી સમજણ કેળવવી જ પડશે, નિરાભિમાની થવું જ પડશે અને સાચી સમજણ કેળવવા માટે, મેળવવા માટે, નિરાભિમાની થવા માટે ગુરુશરણે જવું જ પડશે."

પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચન બાદ સ્વાધ્યાય-સત્સંગની પૂર્ણાહુતિ થઈ. ફરી એક વખત સૌએ પ્રણવવંદનાનું ભક્તિભાવપૂર્વક ગાન કર્યું. ત્યારબાદ ઉપસ્થિત સૌ ગુરુભાઈ બહેનોએ ભોજન–પ્રસાદ લીધો. ભોજન બાદ આજના સત્સંગને વાગોળતાં વાગોળતાં સૌ છૂટાં પડયાં.

# કૈલાસ ટેકરી ઉપર શિવરાત્રી નિમિત્તે

સ્વાધ્યાય-સત્સંગ

સંકલન : ગુરુપાદપંક

ઓમ્ પરિવારના ઉપક્રમે નક્કી કરેલા કેટલાક કાર્યક્રમો દર વર્ષે નિયમિત રીતે ઊજવાતા રહે છે. વર્ષની શરૂઆતમાં જ આખા વર્ષ દરમ્યાન ઊજવાનારા કાર્યક્રમોનાં સ્થળ, સમય વગેરે વિગતો સાથેની આમંત્રણ પત્રિકા દરેક ગુરુભાઈબહેનોને મોકલવામાં આવે છે. આ વર્ષે કાર્યક્રમોનાં સ્થળ નક્કી કરવા માટે ઓમ્ પરિવારના સ્વયંસેવકોએ ખૂબ દોડધામ કરી અને બધા જ કાર્યક્રમો અમદાવાદની બહાર ગોઠવ્યા. સ્થળો પણ એવાં નક્કી કરેલાં કે જ્યાં કુદરત તેની સોળે કળાએ ખીલેલી હોય.

ઓમ્ પરિવારના ઉપક્રમે આ વર્ષનો પ્રથમ કાર્યક્રમ શિવરાત્રી નિમિત્તે કૈલાસ ટેકરી–અંબાજી મુકામે યોજાયો. ઓમ્પરિવાર માટે શિવરાત્રીનું પર્વ એટલે ભિક્ષુ બોધોત્સવ; પૂ. સદ્ગુરુસમર્પણભિક્ષુજી અને પૂ. ગુરુપ્રેમભિક્ષુજીનો આધ્યાત્મિક જન્મદિવસ. પૂ. ગુરુપ્રેમભિક્ષુજી છેલ્લાં કેટલાંક વર્ષોથી અમેરિકામાં નિવાસ કરે છે અને ત્યાં વસતાં ગુરુભાઈબહેનોની ઉપસ્થિતિમાં ભિક્ષુબોધોત્સવનો કાર્યક્રમ ઊજવાય છે. વળી ભિક્ષુબોધોત્સવની સાથે સાથે આજે ચાતુર્માસી પ્રભાતફેરીની પૂર્ણાહુતિનો કાર્યક્રમ પણ હતો, અને તેથી જ, આ કાર્યક્રમની કાગડોળે વાટ જોઈ રહેલાં ગુરુપ્રેમીઓ અંબાજી આવવા થનગની રહ્યાં હતાં.

કાર્યક્રમ બે દિવસનો અને અમદાવાદ બહારનો હોવાથી, અગાઉથી વ્યવસ્થા કરવા માટે થોડાક સ્વયંસેવકો કાર્યક્રમના આગળના દિવસથી જ માટે અંબાજી આવી ગયેલા.

કાર્યક્રમનું સ્થળ કૈલાસ ટેકરી એટલે કુદરતની કરામતનું અદ્ભુત સ્વરૂપ. કૈલાસ ટેકરી ઉપર મંદિરમાં મહાદેવજી બિરાજમાન છે. થોડી ઊંચાઈ ઉપર આવેલા આ સ્થાન પર ચોવીસે કલાક સુસવાટા મારતો પ્રાણયુક્ત પવન ફૂંકાયા કરે છે. મહાદેવના મંદિર પાસે પૂ. હેડાખાન બાબાનો સુંદર આશ્રમ છે. આશ્રમના વ્યવસ્થાપક પૂ. શ્રી હર્ષદભાઈ છે. જેમણે આગ્રહપૂર્વક શિવરાત્રી નિમિત્તે કાર્યક્રમ આ સ્થાનમાં ગોઠવાવ્યો હતો અને ખૂબ જહેમત ઉઠાવી બધી જ સગવડ કરેલી હતી.

'ધર્મમેઘ'–અમદાવાદથી ઊપડેલી પૂજ્યશ્રીની સવારી ત્રણ લક્ઝરી બસો, મેટાડોર અને પ્રાઇવેટ ગાડીઓ સાથે બપોરે લગભગ સવાબાર વાગ્યે કૈલાસ ટેકરી આવી પહોંચી. હેડાખાન આશ્રમને ધજા–પતાકા અને સુવાક્યોના બેનરો લગાડીને સજાવવામાં આવ્યો હતો. સભાખંડમાં 'ૐ ગુરુ ૐ' ના લખાણવાળાં તોરણો બાંધવામાં આવ્યાં હતાં. અમદાવાદથી આવેલાં સૌ કોઈ અહીંનું વાતાવરણ જોઈને અભિભૂત થઈ ગયાં,

સૌ કૈલાસ ટેકરીથી સીધાં અંબાજી મુકામે પહોંચ્યાં. ત્યાં એક સુંદર ફેરીનું આયોજન કરવામાં આવ્યું. લગભગ દરેક વ્યક્તિના હાથમાં નાનાં મોટાં પ્લેકાર્ડ આપવામાં આવ્યાં, જેમાં સુવાક્યો તથા મંત્રો લખેલાં હતાં. કેટલાક સ્વયંસેવકોના હાથમાં ધજાઓ શોભી રહી હતી. શિસ્તબદ્ધ રીતે સૌ કોઈ 'કર્મ કરેંગે જૈસે, ફલ ભોગેંગે વૈસે' અને

'ચિંતન કરેગા જો જૈસા, આચરણ કરેગા વહ વૈસા; આચરણ કરેગા જો જૈસા, સુખદુઃખ ભોગેગા વહ વૈસા' —આ મંત્રોની ધૂન બોલતાં બોલતાં આખા અંબાજી ગામમાં ફરી રહ્યાં હતાં. ઠેર ઠેર દુકાનો અને ઘરોમાંથી બહાર આવી લોકો આ ફેરીને આશ્ચર્યથી જોઈ રહેતાં. સૌથી મોટું આશ્ચર્ય ધૂનનાં આ નવાં સૂત્રો કે જે ખૂબ સરળ રીતે સમજી શકાય એવાં હતાં અને છતાં જીવનોપયોગી હતાં, તે સાંભળીને થતું. બરાબર દોઢ કલાક સુધી ફેરીનો કાર્યક્રમ ચાલ્યો. અંબાજીમાં ફેરીનો કાર્યક્રમ પતાવી સૌ કૈલાસ ટેકરી ઉપર પાછાં આવ્યાં.

આશ્રમના વ્યવસ્થાપક શ્રી હર્ષદભાઈએ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનું ભાવભીનું સ્વાગત કર્યું. બપોરના બે વાગી ગયા હતા તેથી સૌ કોઈ પ્રસાદ લેવા ગોઠવાયાં. પ્રસાદ લીધા બાદ બધાંએ આરામ કર્યો.

સાંજે બરાબર પોણા છ વાગ્યે સ્વાધ્યાય–સત્સંગના કાર્યક્રમનો પ્રારંભ થયો. પૂજ્યશ્રીએ દીર્ઘ પ્રણવોચ્ચારથી સત્સંગની શરૂઆત કરી. બધા પાસે ત્રણ વખત દીર્ઘ પ્રણવોચ્ચાર કરાવ્યો. પ્રણવ અને દીર્ઘપ્રણવોચ્ચાર વિષે જણાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે—

"આ સામે એક કાઠી પર ત્રણ ત્રણ ધજાઓ ફરકી રહી છે. દરેક ધજામાં એક એક અક્ષર છે–અ, ઉ અને મ્. એ ત્રણેને જુદા પાડવાનાં નથી. દીર્ઘ પ્રણવોચ્ચાર કરતી વખતે એ ખાસ ધ્યાન રાખવાનું છે કે પ્રથમ મોઢું ખોલીને અ બોલવાનો છે. અ ચાલુ જ હોય ત્યાં મોઢાને સહેજ સંકોચીશું એટલે ઉનો ઉચ્ચાર ચાલુ થવાનો. મોઢું ખોલીને અ બોલ્યા, મોઢાને સહેજ સંકોચવાથી ઉ નો ઉચ્ચાર ચાલુ થયો અને ઉ ચાલુ હોય ત્યારે જ મોઢાને સંપૂર્ણ બંધ કરી દઈશું એટલે મ્ નો ઉચ્ચાર ચાલુ થશે. અ અને ઉ ઝડપથી બોલવાના અને મ્ ને વધુ લંબાવવાનો. મોઢું બંધ રાખીને મ્ નો ઉચ્ચાર લંબાવવાથી ભ્રામરી પ્રાણાયામ અનાયાસે જ થાય છે અને તેથી મ્ ને વધુ વખત બોલીને સાધક વધુ આત્મસ્થ થઈ શકે. જેવી જેની કુશળતા. અસ્તુ.

"આજનો આ કાર્યક્રમ શિવરાત્રી નિમિત્તે છે. આજના દિવસે બે ભિક્ષુઓને આધ્યાત્મિક નામ પણ આપેલાં; ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુ અને ગુરુપ્રેમભિક્ષુ. તો આજનો આ આનંદ આપણે કૈલાસ ટેકરી ઉપર હૈડાખાન બાબાના આશ્રમમાં લઈ રહ્યાં છીએ. સાથે સાથે, આજે આપણી ચાતુર્માસી પ્રભાતફેરીની પૂર્ણાહુતિ પણ થઈ, તમે સૌએ ચાર માસનું વ્રત પ્રેમપૂર્વક પૂરું કર્યું. હકીકતમાં એ હતું ગુરુ-પૂજન. ઓમ્ જયંતીના દિવસે અમે તમને સૌને સ્થૂળ રીતે ગુરુપૂજન કરવાની ના પાડી હતી અને કહ્યું હતું કે જેમને ગુરુપૂજન કરવું હોય તેમણે ચાર મહિના સુધી પ્રભાતફેરીમાં જોડાવાનો સંકલ્પ કરવો. તમારામાંથી ઘણાં બધાંએ પ્રભાતફેરીમાં જોડાવાનો સંકલ્પ કરેલો. ઓમ્ જયંતીના દિવસે નક્કી કર્યા મુજબ ભાઈબહેનોએ પોતાનું વ્રત પૂરું કર્યું. તમે સૌ સફળ થયાં. પેલું (ઓમ્ જયંતીનું) તો એક જ દિવસનું ગુરુપૂજન હતું અને તમે તો એક દિવસના બદલે ચાર માસ સુધી ગુરુપૂજન કર્યું.

"ઓમ્ પરિવારના ઉપક્રમે પ્રભાતફેરી મણીનગર, ઈસનપુર, નારણપુરા, ગોમતીપુર તીર્થભૂમિ વગેરે સ્થળોએથી નીકળતી હતી. અમે પણ ક્યારેક તમારા સૌ સાથે પ્રભાતફેરીમાં જોડાતા. જ્યાં જ્યાંથી પ્રભાતફેરી નીકળતી ત્યાંના ઘણા લોકો સવારે સ્વાગત કરતાં, પ્રણામ કરતાં. કેટલાંક લોકો તો પ્રભાત-

ફેરીમાં જોડાઈ જતાં. કોઈ કહેતાં કે અમારે ચા-પાણી કરાવવાં છે; તો કોઈ કહેતાં કે અમારે લ્હાણી કરવી છે. અમને ખબર પડી કે મણીનગરમાં લ્હાણી થઈ ત્યારે અમે શરત મૂકી કે જેને જે વાસણ લ્હાણીમાં આપવું હોય એ આપે પણ તે વાસણ સોનાનું હોવું જોઈએ. અમે આમ કીધું એટલે ગુરુપ્રેમીઓ સમજી ગયાં કે લ્હાણી થાય એ યોગ્ય નથી. અસ્તુ.

"ગોમતીપુરમાં તો ક્યારેક બસ્સો માણસ પ્રભાતફેરીમાં નીકળતાં. પ્રભાતફેરીમાં બોલાતાં મંત્રો-સૂત્રો પણ કેવાં સરળ અને છતાં ગુઢાર્થવાળાં હતાં! તેમાંનું એક સૂત્ર હતું–

ચિંતન કરેગા જો જૈસા,
આચરણ કરેગા વહ વૈસા,
આચરણ કરેગા જો જૈસા,
સુખદુઃખ ભોગેગા વહ વૈસા

"આ સૂત્રમાં ક્યાંય ભગવાનનું નામ જ આવતું નથી. કોઈ મંત્ર નહીં, જપ નહીં, ધૂન નહીં અને છતાંય તેમાં બધું જ ભરી દીધું છે.

"જેવું જેવું ચિંતન તેવું તેનું આચરણ અને જેનું જેવું આચરણ તેવું તેને ફળ મળશે. કર્મના આ અટલ સિદ્ધાંતનો તમે પ્રચાર કર્યો અને આજે તેનો છેલ્લો દિવસ છે અને તેથી જ આજનો આ પ્રસંગ ઘણો મોટો છે – જો આપણે તેની કિંમત સમજીએ તો. અસ્તુ.

"આશ્રમના વ્યવસ્થાપક શ્રી હર્ષદભાઈએ આપણને બધાને અગવડ ન પડે એટલા માટે સારી હોટલમાં બે-ચાર રૂમો રાખવાનું કહેલું પરંતુ પંકજભાઈ તથા ડોક્ટર સાહેબે તેમને સમજાવેલા કે ભાઈ! આ તો ઓમ્ પરિવાર! ગુરુજીના સાંનિધ્યમાં વધુમાં વધુ રહેવા માટે જ બધાં દૂર દૂરથી આવે છે. અને રાત્રે કેટલાંક ગુરુભાઈબહેનો જો બીજે સૂઈ જાય તો ગુરુજી એ બધાંની ચિંતા કરે અને કેટલીક વખત જાત તપાસ કરવા પણ નીકળે. અને જો બધાં જુદી જુદી જગ્યાએ હોય તો પૂજ્યશ્રીને કેટલી કેટલી જગ્યાએ ફરવું પડે?!' આમ કહ્યું ત્યારે હર્ષદભાઈ માન્યા અને હોટલમાં રૂમો રાખવાનો આગ્રહ છોડી દીધો.

"કદાચ આપણે હોટલમાં રહીએ તો આપણને આવું વાતાવરણ મળે? ના મળે. આ કૈલાસ ટેકરી નહીં પણ કૈલાસ જ કહેવાય એટલું સુંદર આ સ્થળ છે. કેવું રળિયામણું છે! ઉપર કૈલાસ મહાદેવ છે. તેનાં પણ આપણે દર્શન કરીશું. આજે દિવસ પણ કેટલો સુંદર! મહાશિવરાત્રી, શિવરાત્રી વિશેનું આપણું લખાણ પણ ગુજરાત સમાચારમાં આવ્યું છે જે આ પ્રમાણે છે–

"ઓમ્પરિવારનાં ઈસનપુર, મણીનગર, નારણપુરા કેન્દ્રોમાં શિવરાત્રી નિમિત્તે યોજાયેલા સ્વાધ્યાય-સત્સંગ કાર્યક્રમમાં શ્રી યોગભિક્ષુજીએ જણાવ્યું કે શિવરાત્રી એટલે સર્વજીવોના કલ્યાણ માટેના ચિંતનની રાત્રી. ગયા વર્ષે સર્વજીવકલ્યાણ કેટલું કરી શક્યા અને આવતા વર્ષમાં સર્વજીવકલ્યાણના પ્રયત્નો કેવી રીતે કરીશું તેના ચિંતનની રાત્રી. શિવ ભગવાને ઝેરી જીવજંતુઓને પોતાનાં ઘરેણાં તરીકે ધારણ કર્યાં છે. આપણે પણ શિવરાત્રીએ સર્વજીવને અભયદાન આપવાનું વ્રત લઈને શિવને પ્રસન્ન કરવાના છે, ઝેર પીને અન્યોને અમૃત આપવાની ઉદારતા બતાવવાની છે. શિવજીને પ્રસન્ન કરવા માટે ભાંગ, ધતૂરો કે ગાંજો પીને નહીં પણ પોતાનાં સુખસગવડના ભોગે અન્યોને સુખસગવડ આપી આનંદમાં મસ્ત થવાનું છે. ખૂબ જ સુંદર છે – જેને ચેતવું હોય એના માટે – પ્રભુ નામનો નશો.

"આપણે ભૂખ્યાં રહી અને બીજાને જમાડીએ. એ એઠો એઠો જમતો હોય અને એના કોળિયે કોળિયે આપણને આનંદ મળે એ ઊંચામાં ઊંચો આનંદ. એનાથી બીજો એકેય ચડિયાતો આનંદ નહીં. આપણાં સુખસગવડના ભોગે બીજાને સુખસગવડ આપીએ એ જ ઊંચો, પવિત્ર અને સાત્વિક આનંદ. એ કાંઈ દેખાદેખી નથી થઈ શકતું. આપણી બુદ્ધિ હંમેશાં પ્રજ્ઞાના રૂપમાં રહે ત્યારે જ એ શક્ય બને. તો પછી આપણી બુદ્ધિને, વિવેકને ભ્રષ્ટ કરે એવાં નશીલા પદાર્થોને તો કેમ સ્પર્શ કરાય? તેના ઉદાહરણ માટે દયાનંદ સરસ્વતીની એક ખૂબ સુંદર વાત છે.

"શિવમંદિરમાં પોઠિયાને અડીને ભાંગ પીને પોતે બેઠા છે. શિવપાર્વતીજી ફરવા નીકળ્યાં છે. પાર્વતીજી શિવજીને કહે છે કે આ તમારા દીકરાને પરણાવો. તો શિવજી કહે 'જુઓ તો ખરાં! કેવો ભાંગ પીને પડ્યો છે! એને શું પરણાવે?'

"અહીં ભાંગનો તો એક દાખલો છે. પણ તેની પાછળના રહસ્યને સમજવાનું છે. ચાહે ભાંગ હોય, કે ચાહે ધતૂરો હોય, કે ચાહે વધુ પડતા પૈસા હોય, કે ચાહે ખોટું અભિમાન હોય; ગમે તે પ્રકારનો નશો ચડે તો એ આપણને ભ્રષ્ટ કરે, નષ્ટ કરે. આપણે સારાસારનો વિવેક ચૂકી જઈએ પછી ગમે એટલું મળે તોય આપણી પાસે રહ્યું શું?

"માદક દ્રવ્યોના અને માદક ભાવોના નશામાં મનુષ્યો હદ-બેહદ ખોટાં આચરણ કરી નાખે છે અને પછી પસ્તાય છે. જેને આ વાતની ખબર ન હોય એની વાત જવા દઈએ પણ જ્યારે આપણને આ વાતની ખબર પડી છે. ત્યારે તો ચેતીએ. આપણને કોઈ પણ પ્રકારનો નશો ન ચડે તેનું ધ્યાન રાખીએ, એ વાત પ્રત્યે સચેત રહીએ.

"આમ, શિવરાત્રી આપણને ઘણું બધું કહી જાય છે. ઋષિમુનિઓએ પણ પ્રતીકો જ એવાં ઊભાં કર્યાં છે કે સમજવું હોય તો બધું જ સમજાઈ જાય. શિવજીની મૂર્તિ, એમનો પહેરવેશ, એમનું જટાજૂટ, જટામાં ગંગાજી, હાથે-પગે સાપ, ગળામાં ઝેર વગેરે. શિવજી એટલે ત્યાગ અને વૈરાગ્યનું પૂર્ણ પ્રતીક છે.

"એટલું યાદ રાખીએ કે મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવીશું તો ખોટાં કર્મ કરતાં અચકાઈશું. સારાં કર્મ કરીને જીવી શકાય તો પછી ખોટાં કર્મો શા માટે કરવાં? આ બધાં રહસ્યો આપણને બરાબર સમજાઈ જાય તો તે પ્રમાણેનું આચરણ કરી શકીએ અને સુખી થઈ શકીએ. **સત્યને સમજીશું તો સુખી થઈશું.** અસ્તુ."

પૂજ્યશ્રીના આટલા પ્રવચન બાદ પૂજ્યશ્રીએ ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુજીને આશ્રમના વ્યવસ્થાપક શ્રી હર્ષદભાઈને એક વસ્ત્ર ઓઢાડવાની આજ્ઞા કરી અને એ વસ્ત્ર શું છે તે સમજાવતાં કહ્યું કે—

"આ વસ્ત્ર તો ઓમ્ ભગવાનની પ્રસાદી છે. આ એક કવચ છે જે તમારા (હર્ષદભાઈના) ફરતું લપેટીએ છીએ કે જેથી બહારની આસુરી શક્તિ તમારી અંદર પ્રવેશી ના શકે અને તમારી અંદર રહેલી દૈવી શક્તિ બહાર નીકળી ના જાય. ઓમ્ ભગવાનની પ્રસાદી તરીકે આ વસ્ત્રનું કવચ તમને આપીએ છીએ અને એ કવચ તમને ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુ પહેરાવશે."

ડૉક્ટર ભિક્ષુજીએ શ્રી હર્ષદભાઈને શાલ ઓઢાડી. ઉપસ્થિત ગુરુભાઈબહેનોએ સત્યધર્મ ગુરુદેવની જય બોલાવી આ કાર્યને વધાવી લીધું. ત્યાર બાદ શ્રી હર્ષદભાઈને પ્રવચન કરવા માટે વિનંતી કરવામાં આવતાં તેમણે પ્રવચનની શરૂઆત કરી.

"પૂ. બાપુ, ભક્તજનો, ગુરુપ્રેમીઓ અને સ્વજનો.

"હું તો એક વેપારી છું. એક નિમિત્તરૂપે અત્યારે આશ્રમનો સંચાલક છું. પૂ. બાપુએ મને બે શબ્દો કહેવા કહ્યું અને આ વસ્ત્રરૂપી કવચની વાત કરી તે અંગે કહું કે જો આ વસ્ત્ર માટે 'શાલ' અથવા 'ભેટ' શબ્દ હોત તો સ્વાભાવિક રીતે એ હું ના સ્વીકારત. પરંતુ જ્યારે દૈવીકૃપાએ શક્તિઓના રક્ષણ માટે, શક્તિઓના ઉત્કર્ષ માટે કૃપાપ્રસાદીરૂપે કવચ આપવામાં આવતું હોય તો એ મહાભાગ્ય કહેવાય. જો ઈશ્વરી સંકેત હોય, આવું કૃપા–અનુભૂતિનું દશ્ય હોય તો ગદ્‌ગદિત થઈ જવાય. આ કવચરૂપે, પ્રસાદીરૂપે સહજ ભાવે મળતી આ શાલરૂપી કૃપાને હું સ્વીકારું છું.

"શિવરાત્રીના આ શુભ પ્રસંગે આપ સૌની ઉપસ્થિતિમાં આ જે મને ભેટ મળી છે તેમાં બાપુની આશિષ તો છે જ પણ આપ સૌની આશિષ પણ છે. બાપુની શુભાશિષ તો પળેપળ મળતી જ રહે છે. **હું તેમને મળતો હોઉં કે ના મળતો હોઉં પણ બાપુની આંતરચેતનાનો અનુભવ થયા કરતો હોય છે.**

"ઈશ્વરની કૃપાથી બહુ નાની ઉંમરથી હું સિદ્ધ પુરુષોના સંપર્કમાં આવ્યો છું, આવી રહ્યો છું; આકર્ષાઈ રહ્યો છું, ખેંચાઈ રહ્યો છું. આપ સૌને પણ ધન્યવાદ કે આપ પણ સંતના–યોગીના સંપર્કમાં છો. અહીં પડતી કોઈપણ મુશ્કેલીની રજૂઆત– આપ સાધક છો તે વાતને બાદ કરતાં – કરશો તો આજે નહીં પણ ભવિષ્યમાં પણ તકલીફ ના પડે તે માટે અને અમને તમારી સેવાનો લાભ મળે તે માટે આવકાર્ય છે. તમારા સદ્‌ભાવ માટે પણ મને વિશ્વાસ છે, તમારી સાધનાની શક્તિ માટે પણ મને પૂર્ણ વિશ્વાસ છે; અને પૂ. બાપુની હાજરીમાં કે બાપુના સાન્નિધ્યમાં આવો વિચાર ન આવી શકે તેમ છતાં કહું કે એક સંસ્થાને પ્રાણવાન કરવા માટે જે જરૂર હોય તે સમજવાની મારે પણ તૈયારી રાખવી જોઈએ. મારા આ સૌભાગ્ય બદલ આપ સૌની ઉપસ્થિતિમાં હું બાપુનું ફૂલહારથી સ્વાગત કરું છું."

આટલું કહી શ્રીહર્ષદભાઈએ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનું ફૂલહારથી સ્વાગત કર્યું. ત્યારબાદ બધાં ગુરુભાઈબહેનો પૂજ્યશ્રીની આજ્ઞા લઈ કૈલાસ મહાદેવનાં દર્શને ગયાં. થોડું હરીફરીને સૌએ પ્રસાદ લીધો. પ્રસાદ બાદ રાત્રે સાડાનવે આગળનો કાર્યક્રમ શરૂ થયો. કાર્યક્રમની શરૂઆતમાં જ સૌએ 'સત્ય–ધર્મ ગુરુદેવકી જય' બોલાવી અને પૂજ્યશ્રીએ તેનો અર્થ સમજાવતાં કહ્યું કે–

"ભગવાનના જે જે અવતારો થઈ ગયા તે બધાને આપણે ભગવાન શા માટે કહ્યા? ગુરુ શા માટે કહ્યા? તે બધાએ સત્ય અને ધર્મનું પાલન કર્યું એટલા માટે. સત્ય અને ધર્મના પાલન માટે અનેક કષ્ટો વેઠ્યાં એટલા માટે. સત્ય અને ધર્મનું પાલન કરવા માટે અનેક સુખસગવડો ત્યાગી દીધાં તેથી તેમને આપણે ગુરુ કહ્યા, ભગવાન કહ્યા. ગુરુ કે ભગવાન કહેવડાવવાની તેમની ઇચ્છા ન હતી છતાં આપણને ઉમળકો આવ્યો એટલે આપણે તેમને ગુરુ કહ્યા, ભગવાન કહ્યા.

"ભારતીય સંસ્કૃતિ હંમેશાં ત્યાગને પૂજે છે, વૈભવને નહીં – રાગને નહીં. જે વધુમાં વધુ ત્યાગે તે વધુમાં વધુ મોટો. તેથી મોટામાં મોટા ગુરુ સત્ય અને ધર્મ; જેનું પાલન કરી મનુષ્યો ગુરુ બની જાય છે, ભગવાન બની જાય છે. જ્યાં સત્ય અને ધર્મ હોય ત્યાં મહાપુરુષો આપોઆપ આવે છે; પણ જ્યાં સત્ય અને ધર્મ ન હોય ત્યાં સંતો કોઈ કારણસર આવી ગયા હોય તો પણ તે તરત

જ ત્યાંથી ચાલ્યા જાય છે. સૌને સજાતીય ગમે છે – પોતાના જેવું. ગુણવાન હોય એને ગુણવાન ગમે અને વ્યસની હોય એને વ્યસની. એમ સંતોને પણ કોણ ગમે? સત્ય અને ધર્મનું આચરણ કરવાવાળા, કારણ કે સત્ય અને ધર્મ સંતોને પ્રિય છે. તેથી જ જ્યાં સત્ય અને ધર્મ હોય ત્યાં સંતો વગર આમંત્રણે પહોંચી જાય છે અને તેથી જ આપણે સત્ય અને ધર્મની જય બોલીએ છીએ."

આટલી વાત કરી પૂજ્યશ્રીએ આગંતુકોમાંથી જેને બોલવાની ઈચ્છા હોય તેમને બોલવા જણાવ્યું.

ગોમતીપુરથી આવેલા શ્રી ભોગીભાઈએ કહ્યું કે પ્રભાતફેરીથી મારા પગનો દુખાવો દૂર થઈ ગયો છે અને આવી પ્રભાતફેરી ચાતુર્માસને બદલે બારે માસ ચાલુ રહે તો સારું. શ્રી મુરલીધરભાઈએ જણાવ્યું કે આપની પ્રેરણાથી અમે પ્રભાતફેરીમાં જે આનંદ માણ્યો છે તે ક્યારે મળશે તે કહી શકાતું નથી. પગની તકલીફ તો જાણે દૂર થઈ જ ગઈ પણ આ ઉંમરે વધુ સ્ફૂર્તિ લાગવા માંડી છે.

આમ આગંતુકોનાં પ્રવચન પત્યાં ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. આજે શિવરાત્રી હતી તેથી સૌએ જાગરણ પણ કરવાનું જ હતું તેથી બધાંને ઊંઘ ન આવી જાય એટલા માટે પૂજ્યશ્રીએ જ્ઞાન સાથે ગમ્મતની વાતો કરવા માંડી.

"એક ગામમાં એક મહારાજ આવેલા. મહારાજ ખૂબ સુંદર કથા કરે; સાંભળનારાં એકાકાર થઈ જાય. મહારાજની કથા પૂરી થઈ ગઈ તોય એક ભાઈ અને એક બહેન બેસી રહ્યાં. આ જોઈને મહારાજને આનંદ થયો કે કેવા મુમુક્ષુ જીવ છે! તેમણે બહેનને પૂછ્યું કે 'તમે કેમ બેઠાં છો? કેમ રડો છો? શું કથાનો કરુણ રસ તમને ખૂબ સ્પર્શી ગયો?' તો બહેન કહે કે 'મારી ગાયનું વાછરડું મરી ગયું છે તેથી ગાય ખૂબ ભાંભરે છે. આપ જ્યારે કથા કરો છો ત્યારે આપનો અવાજ બરાબર એવો જ આવે છે અને મને ગાયનું ભાંભરવું યાદ આવે છે એટલે રડું છું.' (સત્સંગીઓમાં હાસ્યનું મોજું ફરી વળે છે).

"મહારાજે પેલા ભાઈને બોલાવીને પૂછ્યું કે 'તમે કેમ બેઠા છો?' તો ભાઈ કહે 'મહારાજ આપ જે શેતરંજી ઉપર બેઠા છો ને તે મારી છે; તે લેવા માટે હું તો બેઠો છું; કોઈ શેતરંજી લઈ ના જાય એટલે.' (ફરી એક વખત સભામાં હાસ્યનું મોજું ફરી વળે છે અને હસતાં હસતાં બધાંની ઊંઘ ઊડી જાય છે).

"આજે પ્રભાતફેરીની પૂર્ણાહુતિ છે. આપણે સૌએ પ્રભાતફેરીમાં કર્મના સિદ્ધાંતનો ખૂબ પ્રચાર કર્યો, તો આપણને એ સિદ્ધાંતની અસર કેમ ના થાય! દરિદ્રમાં દરિદ્ર મનુષ્ય કોણ છે? જેને કર્મના સિદ્ધાંતની ખબર નથી પડતી તે અને કર્મના સિદ્ધાંતની ખબર પડ્યા પછી જીવનમાં આચરણ નથી કરી શકતો તે? તે સંપૂર્ણ ગરીબ છે, સંપૂર્ણ અભણ છે. લોકોને છેતરવાની ગમે તેટલી બુદ્ધિ દોડાવતો હોય પણ જો એને ખબર ના પડે કે બીજાને છેતરવા જતાં એ પોતે જ છેતરાઈ રહ્યો છે, તો તે બુદ્ધિ વિનાનો છે.

"આપણે આપણા જીવનમાં કર્મના સિદ્ધાંતનો અમલ કરવા માટે ખૂબ જ સતર્ક રહેવું જોઈએ. સાચો વેપારી કોણ કહેવાય? કે જેની સમજણ 'અવિપ્લવા' રહે. ગમે એવી પરિસ્થિતિ આવે તો પણ તેની સમજણ ટસથી મસ ના થાય. પરિસ્થિતિ તેની સમજણને ફેરવી ના શકે તો એ સાચો વેપારી, એ સાચો બુદ્ધિમાન, એ સાચો ધનવાન. સાચો વેપારી કોણ? જે ક્ષણિક નફો કરે તે નહીં.

ભૌતિક રીતે ભલે નફો કરીએ પણ આધ્યાત્મિક રીતે તો ખોટનો જ વેપાર કરીએ છીએ ને ? છતાં આપણને વિચાર નથી આવતો કે આપણે આપણા માટે શું કર્યું ?

"ઇન્દ્રિયો માટે કે જગત માટે ભલે કરીએ પણ આત્મા સિવાય બીજાં બધાં માટે જે કાંઈ કરીએ છીએ તે ભયકારક છે, એનો અનુભવ આપણને થઈ જ ગયો છે. આપણે એ જોવાનું છે કે આપણે આપણા માટે શું કર્યું ? બીજાં બધાં માટે તો ઘણું કર્યું પણ આત્મા માટે શું કર્યું ? આપણે તો સાચા વેપારી બનવાનું છે. આ શરીરે ય આપણું નથી. એકાદ ઈન્દ્રિય વગર ચાલે પણ આત્મા જ ન હોય તો ? બધી ઈન્દ્રિયો ફીલીફક. અને તેથી જ આત્મા વધુમાં વધુ કિંમતી છે અને તેથી જ અધ્યાત્મવિદ્યા ખૂબ કિંમતી છે. જો આત્માનો ધર્મ બરાબર બજાવીએ તો જ મોક્ષની પ્રાપ્તિ થાય અને જેને આત્યંતિક સુખ કહીએ છીએ તે મેળવી શકાય. અસ્તુ."

પૂજ્યશ્રીના આ પ્રેરણાદાયી પ્રવચન બાદ શ્રી કમાભાઈએ ભજન ગાઈને આજના કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી. સૌ પોતપોતાના સ્થાને જઈને સૂઈ ગયા.

તા. ૨૫–૨–૯૦ ના રોજ સવારે આઠ વાગ્યે સૌએ સ્વાધ્યાય કર્યો. પૂજ્યશ્રીએ જણાવ્યું કે આજે આપણે અહીંનાં સ્થળોની મુલાકાતે જઈશું. પૂજ્યશ્રીની સાથે ઓમ્-પરિવારનો આખો સંઘ કોટેશ્વરની મુલાકાતે ગયો. ત્યાં જઈ સૌ પ્રથમ પ્રણવવંદના ગાઈ. ત્યાંથી સૌ વાલ્મીકિ આશ્રમે ગયા. આશ્રમના મહંતનું પૂજ્યશ્રીએ શાલ ઓઢાડી બહુમાન કર્યું. આશ્રમના મહંત આભારવશ ગદ્‌ગદ્ થઈ ગયા. લગભગ બપોરે બે વાગ્યે સૌ કૈલાસ ટેકરી પાછાં આવી ગયાં. પાછાં આવીને સૌએ પ્રસાદ લીધો. ત્યારબાદ સૌ આરામ કરતાં કરતાં ગઈકાલ સવારથી અત્યાર સુધીના લીધેલા આધ્યાત્મિક આનંદને વાગોળવા લાગ્યાં. સૌના મુખ પર ખૂબ પ્રસન્નતા હતી.

સાંજે લગભગ પાંચ વાગ્યે સૌ અમદાવાદ તરફ આવવા નીકળ્યાં. અસ્તુ.

"ભગવાનનો ક્યારેય મોક્ષ નથી થતો કારણકે તે શાસનમાં નથી રહેતા, સ્વછંદ વર્તન કરે છે, ભક્તોનો મોક્ષ થાય છે કારણ કે તેઓ શાસનમાં રહે છે, નિયમમાં રહે છે."

"અનુભૂતિ છે ત્યાં અસ્તિત્વ છે, અસ્તિત્વ છે ત્યાં આકાર છે. સ્થૂળ આકાર અને દિવ્ય–અલૌકિક આકાર. અલૌકિક આકારનું નામ જ નિરાકાર."

## સ્વાનુભવ

— શ્રી પ્રવીણ શાહ

રણજીત સોસાયટીમાં પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે ઓમ્પરિવાર તરફથી એક કાર્યક્રમ ચાલતો હતો, પ્રાતઃકાળે ગાયત્રી-મંત્રના માનસિક જાપ અને સાંજે ઓમ્ નમઃ શિવાયના વાચિક જાપ. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના આદેશથી એક મહિના સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો.

એક દિવસ સાંજના ઓમ્ નમઃ શિવાયના વાચિક જાપ ઢોલક અને મંજીરાના તાલ સાથે લયબદ્ધ ચાલતા હતા. આખો રૂમ ગુરુપ્રેમી ભાઈબહેનોથી ભરેલો હતો. પૂજા માટે શંકર ભગવાન, હનુમાનજી, ગાયત્રી માતા, ઓમ્ ભગવાન અને પૂ. ગુરુદેવના ફોટાઓ સામે રાખેલા હતા. મારું ધ્યાન પૂ. ગુરુદેવના ફોટા તરફ હતું. મુખમાંથી ઓમ્ નમઃ શિવાયના જાપ થયે જતા હતા અને બે હાથે તાલી પાડીને ઢોલક–મંજીરાના તાલ સાથે તાલ મિલાવી આંખ બંધ રાખીને મંત્ર બોલ્યે જતો હતો.

થોડી વારે, જ્યાં ગુરુજીનો ફોટો હતો ત્યાં પૂ. ગુરુદેવ બેઠેલા દેખાયા. પૂજ્યશ્રી પોતે ઓમ નમઃ શિવાય–નો વાચિક જાપ બે હાથે તાલી પાડીને કરતા હતા, અને પોતાનો હાથ લાંબો કરીને હસતા હસતા મને તેમની તરફ બોલાવતા હતા. "આવ...આવ.... અહીં આવ...અહીં આવ....!" ક્ષણભર માટે બધા અવાજો સંભળાતા બંધ થઈ ગયા! ચોમેર સૂનકાર વ્યાપી ગયો! હું પૂજ્યશ્રીની નજીક જવા લાગ્યો. સ્થૂળ અસ્તિત્વ વિસરાઈ ગયું...! કેટલી ક્ષણો વીતી હશે તેની ખબર ના પડી....! થોડી વાર પછી આંખ ખૂલી તો મારા બંને હાથ ઢોલક–મંજીરાના તાલ સાથે તાલી પાડતા હતા. મુખમાંથી મંત્ર પણ બોલાતો હતો અને મારા આશ્ચર્ય વચ્ચે હું બધાંની વચ્ચે રૂમમાં જ બેઠેલો હતો!

ચિત્તની પ્રસન્નતા અવર્ણનીય હતી. ખૂબ જ હળવાશનો અનુભવ થયો. આંખ સહેજ ભીની થઈ ગઈ.


પ્રગટ થઈ ચૂક્યું છે

**ક્રાન્તચિંતન** ( હિન્દીમાં )

કિંમત :– રૂા. ૧૭–૦૦

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનો સંક્ષિપ્ત પરિચય તથા ઓમ્ ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટનો પરિચય અને ઉદ્દેશ્યોને આ પુસ્તકમાં સમાવી લેવામાં આવ્યા છે. સાથે સાથે પૂજ્યશ્રીની હાલની તથા પૂર્વાશ્રમની અને તેઓશ્રીના માતાપિતાની સુંદર છબીઓ મૂકવામાં આવી છે. પૂજ્યશ્રીના ક્રાન્તચિંતનના ફળ સ્વરૂપ રચાયેલા મૌલિક લેખોને પણ આ પુસ્તકમાં આવરી લેવાયા છે.




क्लेश, कर्म, कर्मो के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

---

● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વ વ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્-ૐ) છે તેની પ્રતીતિ બહુજન સમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચુ લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

ઓમ્ ગુરુદેવ જયંતી નિમિત્તે
સ્વાધ્યાય-સત્સંગ-મિલન
સ્થળ : જમળા, ગાંધીનગર-અંબાજીના રોડ પર,
તા. કલોલ.
તા. ૧૩-૧૦-૯૦ શનિવારે
સવારે ૯-૦૦ થી ૪-૦૦

લવાજમ દર :-

| | |
|---|---|
| વાર્ષિક સભ્ય (ભારતમાં) | રૂા. ૧૦-૦૦ |
| આજીવન સભ્ય ,, | રૂા. ૨૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય (પરદેશમાં) | ૧૦ ડોલર |
| આજીવન સભ્ય ,, | ૨૦૦ ડોલર |

● લવાજમ મોકલવાનું સ્થળ ●

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ રોડ,
નારાણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

(૨) નૈષધ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

● સુચના ●

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ સરનામું શુધ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) "રુતમ્ભરા" ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

આદ્યસંસ્થાપક તથા
આધ્યાત્મિક વડા પ. પૂ.
ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY (also avilable at)
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Palladnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Navprabhat Printing Preess, Ahmedabad - 1.

(રજી. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
[ આઈ. ટી. ઈ. કુ. ૮૦-જી નં. એચ. ક્યુ - III
૩૩-૧૧૭/૮૯-૯૦ માર્ચ ૧૯૯૨ સુધી ]

PRINTED BOOK

To,